અપીલ અરજી નં.૨૫૮ તા.૨૦–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– ડૉ.બાબુલાલ એમ. શાહ
સામાવાળાઃ– ઈ.ચા.ડે.કમિશ્નર અને આસી.કમિશર અને જાહેર માહિતી અધિકારી (મ.કચેરી)
ડે.કમિ.(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (ઈન્કવાયરી)
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ ડૉ.બાબુલાલ એમ. શાહ ની તા.૨૩–૮–૧૦ ની અરજીથી (૧) તા.૨૨–૫–૧૦ ના રોજ માનનીય ગર્વનરશ્રી ગુજરાત રાજયને લખેલ હતો તે પત્ર આપને તા.૧–૬–૧૦ ના રોજ **MGS-1322/78/3353/2010** તપાસ માટે મોકલેલ હતો તે તપાસ કયા તબકકે પહોંચી છે તેવું સેક્રેટરીશ્રી શહેરી વિકાસને સંબોધીને કરેલ અરજી અન્વયેની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૦–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૫૮/૨૦૧૦–૧૧

શ્રી ડૉ.બાબુલાલ એમ. શાહ ની તા.૨૩–૮–૧૦ ની અરજીથી (૧) તા.૨૨–૫–૧૦ ના રોજ માનનીય ગર્વનરશ્રી ગુજરાત રાજયને લખેલ હતો તે પત્ર આપને તા.૧–૬–૧૦ ના રોજ **MGS-1322/78/3353/2010** તપાસ માટે મોકલેલ હતો તે તપાસ કયા તબકકે પહોંચી છેતેવું સેક્રેટરીશ્રી શહેરી વિકાસને સંબોધીને કરેલ અરજી અન્વયેની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે માહિતી પુરેપુરી મળેલ ન હોવાનું તથા મળેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૮૩ તા.૨૫–૧૧–૧૦ થી ઈ.ચા.ડે.કમિશ્નર અને આસી.કમિશર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ કચેરી), ડે.કમિ.(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (ઈન્કવાયરી), વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને તથા અરજદારને તેઓની અપીલ અરજીમાં માહિતી મળેલ નથી તેવા દાવા અંગે કઈ માહિતી મળેલ નથી તેની વિગત તથા અપીલ અરજીમાં રજુ કરેલ દાવાના સમર્થનમાં કોઈ આધાર પુરાવા હોય તે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/ ૧૩૭૩ તા.૨૯–૧૧–૧૦ થી પૂરક વિગતો મળેલ છે. જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૭૭ તા.૨૯–૧૧–૧૦ થી પૂરક વિગતોમાં ઈન્કવાયરી વિભાગ તરફથી વીજીલન્સને તબદીલ કર્યા અંગેના પત્ર નં. જીએડી/ઈએસટી/આઈ/૩૮૭ તા.૧૨–૧૦–૧૦ ના પત્રની નકલ, તથા .જીએડી/ઈએસટી/ આઈ/૨૩૫૭ તા.૬–૧૦–૧૦ થી મધ્યસ્થ મહેકમ તરફથી ખાતાકીય તપાસ અધિકારીને તબદીલ કરેલ પત્રની નકલ, શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. ના પત્ર ક્રમાંક સમન/૧૦૨૦૧૦/આરટીઆઈ/૭૫/પી તા.૨૪–૯–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૧૯ તા.૬–૧૨–૧૦ થી પૂરક વિગતોમાં મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી તા.૬–૧૦–૧૦ ના રોજ તબદીલ થયેલ પત્રની નકલ, શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. ના પત્ર ક્રમાંક સમન/૧૦૨૦૧૦/આરટીઆઈ/૭૫/પી તા.૨૪–૯–૧૦ , અરજદારની મુળ અરજીની નકલ, વીજીલન્સ વિભાગ તરફથી વીઆઈડી/આ.નં.૧૧૬૧ તા.૧૮–૧૦–૧૦થી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૧૯ તા.૨૨–૧૦–૧૦ થી મુદ્દા નં.૪ અંગે આપેલી માહિતીની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૩૭૭ તા.૮–૧૦–૧૦ થી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ તથા તબદીલ અરજીની નકલ રજૂ કરેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઓફિસ તરફથી પત્ર નં.સી/૨૦૭૨ તા.૧૧–૧૦–૧૦ થી પૂરક વિગતોમાં વરાછાઝોને આપેલ માહિતી અંગેના પત્રની નકલ, વીજીલન્સ વિભાગે પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, વીજીલન્સ વિભાગે આપેલ માહિતી અંગેના પત્ર નં.વીઆઈડી/૧૨૮૪ તા.૧૧–૧૦–૧૦ ના પત્રની નકલ તથા પત્ર નં.સી./૨૩૮૦ તા.૩૦–૧૦–૧૦ ના પત્રની નકલ અત્રે પૂરક વિગતોમાં મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૦–૧૨–૧૦ નો પૂરક વિગતનો પત્ર તથા ડે.કમિ.(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૧૮૬૫ તા.૩૦–૮–૧૦ થી પાઠવેલ પત્રની નકલ, મધ્યસ્થ મહેકમ તરફથી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કર્યા અંગેના તા.૬–૧૦–૧૦ નાપત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ તથા શહેર વિકાસનો તા.૨૪–૯–૧૦ ના પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારે તા.૨૩–૮–૧૦ ની શહેર વિકાસ વિભાગ, ગાંધીનગરને અરજી કરવામાં આવેલ છે જે તા.૨૪–૯–૧૦ ના રોજ સુમપાને ટ્રાન્સફર કરેલ છે. જે તા.૨૯–૯–૧૦ ના રોજ મધ્યસ્થ કચેરીને મળેલ છે. જે તા.૩૦–૯–૧૦ ના રોજ મધ્યસ્થ મહેકમને મળેલ છે. તેઓ તરફથી તા.૬–૧૦–૧૦ ના રોજ ઓફિસ સુપ્રિ., ખાતાકીય તપાસ અધિકારી, વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન અધિકારી તથા કાર્યપાલક ઈજનેર ઈસ્ટઝોનને પત્ર નં.જીએડી/ઈએસટી/ ૨૩૫૭ થી તબદીલ કરવામાં આવેલ છે. જે ઈન્કવાયરી વિભાગ તરફથી જીએડી/ઈએસટી/આઈ/૩૮૭ તા.૧૨–૧૦–૧૦ થી વીજીલન્સ વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. જયારે વીજીલન્સ વિભાગ તરફથી વીઆઈડી/આ.નં.૧૧૬૦,૧૧૬૧ તા.૧૮–૧૦–૧૦ થી અનુક્રમે મધ્યસ્થ મહેકમ તથા કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કરવામાં આવેલ છે. અરજદારે માંગેલ માહિતીની વિગત મુદ્દા નં.૧ તા.૨૨–૫–૧૦ ના રોજ માનનીય ગર્વનરશ્રી ગુજરાત રાજયને લખેલ હતો તે પત્ર આપને તા.૧–૬–૧૦ ના રોજ **MGS-1322/78/3353/2010** તપાસ માટે મોકલેલ હતો તે તપાસ કયા તબકકે પહોંચી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઓફિસ તરફથી અરજદારને પત્ર નં.સી/૨૦૭૨ તા.૧૧–૧૦–૧૦ થી શહેરી વિકાસ ગાંધીનગર તરફથી તા.૨૯–૯–૧૦ ના રોજ જી/૧/૭૮૨ થી સુરત મહાનગરપાલિકાને મળેલ. જે તબદીલ કરવામાં આવેલ. તથા મુદ્દા નં.૧ બાબતે દર્શાવેલ વિગતનો પત્ર તા.૧૫–૭–૧૦ ના રોજ જી/સંકલન/૭૩૫ થી મ્યુ. કમિ.શ્રીના શેરા અનુસાર પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને મોકલવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૩૭૭ તા.૮–૧૦–૧૦ થી અરજીના સંદર્ભે જરૂરી માહિતી અને દસ્તાવેજોની નકલ પૂરી પાડવામાં આવેલ છે તેવું જણાવેલ છે. પરંતુ અરજદારને કઈ નકલો આપી તેની વિગત અત્રે મોકલેલ નથી કે જણાવેલ નથી તથા જાહેર માહિતી અધિકારી વીજીલન્સ વિભાગ તરફથી તા.૨૯–૧૧–૧૦ ની પૂરક વિગતોમાં આપેલી માહિતીમાં અરજદારને મુદ્દા નં.૧ અંગે પત્ર નં.વીઆઈડી/૧૨૮૪ તા.૧૧–૧૧–૧૦ થી અરજીના મુદ્દાઓ અંગે તબકકાવાર તપાસની કાર્યવાહી હાલ ચાલુ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં. ૨ ગર્વનરશ્રીને લખેલ એ અરજીમાં જે કે. શાહે આપેલ પરીક્ષા ફોર્મની કોપી પર કરેલ સહીઓ કોઈ પણ રીતે તેમણે વહીવટ દરમ્યાન કરેલી સહીઓ સાથે મેળ ખાતો નથી તો તેની તપાસ એફએસએલ ધ્વારા કરવામાં આવી છે કે નહી કે પછી કોઈના દબાણ હેઠળ આ સહીઓના નમુનાઓ એફએસએલમાં મોકલી ન્યાય મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે કે નહીં તેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વીજીલન્સ વિભાગ તરફથી પૂરક વિગતોમાં મહાનગરપાલિકાને સ્પર્શતા નથી તેવું જણાવેલ છે. પરંતુ અરજદારને તે અંગે સૂચિત કરેલ નથી કે અન્ય સત્તા મંડળને અરજી તબદીલ કરેલ હોય તેવું પણ જણાતું નથી. મુદ્દા નં.૩ પરીક્ષા ફોર્મ પર કરેલ સહી તથા વહીવટ દરમ્યાન કરેલ સહીને એફએસએલમાં મોકલી તપાસ કરાવવા માંગો છો કે નહીં તેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વીજીલન્સ વિભાગ તરફથી પૂરક વિગતોમાં મહાનગરપાલિકાને સ્પર્શતા નથી તેવું જણાવેલ છે. પરંતુ તે અંગે અન્ય સત્તા મંડળને અરજી તબદીલ કરેલ હોય તેવું જણાતું નથી. મુદ્દા નં.૪ તેમને ઝોનલચીફ તરીકે આકારણી ઘટાડવાની કોઈ પણ જાતની સત્તા ન હોવા છતાં તેમણે આકારણી ઘટાડી (બોમ્બે માર્કેટ) સુરત મહાનગરપાલિકાને વાર્ષિક ૪ લાખ રૂપિયાનું નુકશાન કરવામાં આવેલ છે તેની તપાસ કરવામાં આવેલ છે કે નહી ં તેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/આ.નં.૧૧૬૧ તા.૧૮–૧૦–૧૦ થી વરાછાઝોનને તબદીલ કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૧૯ તા.૨૨–૧૦–૧૦ થી રજૂઆતમાં જણાવેલ તપાસની કોઈ ફાઈલ/પેપર વરાછાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું અરજદારને જણાવેલ છે. મુદ્દા નં. ૫ સુમપાની ખડી સમિતિએ શ્રી જે.કે. શાહને એડી. સીટી ઈજનેરમાં પસંદ પણ કરેલ ન હતાં તેમ છતાં કમિ.શ્રીએ તેઓને કેવી રીતે એડી. સીટી ઈજનેર નો ચાર્જ આપેલ છે. તેની માહિતી માંગવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/આ.નં.૧૧૬૧ તા.૧૮–૧૦–૧૦ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ છે. જે બાબતે ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૩૭૭ તા.૮–૧૦–૧૦ થી ખાતાને લાગત નકલ પૂરી પાડવામાં આવેલ છે અને તે અંગે અરજદારે અપીલ તબકકે કે પૂરક વિગતોમાં કોઈ તકરાર કે વિવાદ ઉત્પન કરેલ નથી.

ઉપરોકત જણાવ્યા અનુસારની મળેલી માહિતી ના પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૬–૧૧–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મીહતી પૂરેપૂરી મળેલ નથી. અરજદારે તા.૨૩–૮–૧૦ ના રોજ શહેર વિકાસ વિભાગ ગાંધીનગરને કરેલી અરજી તા.૨૪–૯–૧૦ ના રોજ ટ્રાન્સફર કરેલ છે તથા પૂરક વિગતોમાં ટ્રાન્સફર અંગે કરેલી અરજી ટ્રાન્સફરની રજૂઆતની હકીકત અંગે જે તા.૬–૧૦–૧૦ ના રોજ દરેક ખાતામાં તબદીલી બાબતે રજૂઆત કરેલ છે જે સુરત મહાનગરપાલિકાને તા.૨૯–૯–૧૦ ના રોજ મળેલ છે અને તે પત્ર તા.૩૦–૯–૧૦ ના રોજ સક્ષમ અધિકારીની જાણ કર્યા બાદ તા.૬–૧૦–૧૦ ના રોજ તબદીલ કરવામાં આવેલ છે. અરજદારે અપીલમાં મુદ્દા નં.૨ અને ૩ ની શ્રી જે.કે. શાહની સહીની ચકાસણીની રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી સદર બાબત સુરત મહાનગરપાલિકાને સ્પર્શતી નથી તેવું જણાવવામાં આવેલ છે. મુદ્દા નં.૪ બાબતે માહિતી રકર્ડ ઉપર ઉપલબધ નથી તેવો જવાબ ખોટો આપેલ છે તેવી રજૂઆત કરેલ છે. જે અંગે અરજદાર ઈચ્છે તો લાગત ફાઈલનું દફતરી ઈન્સ્પેકશન કરી શકે છે તથા અરજદારે સદર પ્રશ્નમાં અપીલની પૂરક વિગતોમાં અપીલ તબકકે આકારણી એપેલેટ ઓફિસરના ચૂકાદા બાબતેની રજૂઆત તથા તેમની લાયકાત અંગેના પૂરક પ્રશ્નોની રજૂઆત એ અરજદારની મુળ અરજીથી અપીલ તબકકે અલાયદા પ્રશ્નો ઉપસ્થિત કરેલ છે. જે અંગે અરજદાર સક્ષમ સત્તાને અલાયદી અરજી કરી

માહિતી મેળવવા સ્વતંત્ર છે કે તકરાર નિવારણ અંગે રજૂઆત કરવા સ્વતંત્ર છે. જાહેર માહિતી અધિકારી વરાછા તરફથી દફતરે માહિતી નહીં હોવાનું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને (જે) હેઠળ દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. મધ્યસ્થ કચેરીથી મધ્યસ્થ મહેકમ, વરાછાઝોન અને વીજીલન્સ જાહેર માહિતી અધિકારી વચ્ચે આંતરિક પુનરાવર્તિત તબદીલી નિવારી શકાય તેવી મુદ્દા નં.૨ અને ૩ પૂરતી પ્રથમદર્શી જણાયેલ છે. જે પધ્ધતિ કાયદાની ભાવના તથા હેતુ સાથે સુસંગત નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૩–૮–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી મુદ્દા નં.૪ ની માહિતી અંગે જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી લાગત ફાઈલનું અરજદાર ઈન્સ્પેકશન કરી શકે છે. અરજદાર તરફથી તેવી માંગણી થયેથી અરજદારને દિન–૭ માં આરટીઆઈ એકટની કલમ–૭(૩) હેઠળ ઈન્સ્પેકશન પુરું પાડવા અને થયેલી કાર્યવાહીની અત્રે જાણ કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે. જયારે મુદ્દા નં.૨ અને ૩ અંગે મહાનગરપાલિકાને સ્પર્શતા નથી તેવું જાહેર માહિતી અધિકારી વીજીલન્સએ જણાવેલ છે. પરંતુ પરંતુ તબદીલ કરેલ ન હોઈ લાગત અન્ય સત્તા મંડળને સ્પર્શતા હોય તેને દિન–૫ માં તબદીલ કરવા જાહેર માહિતી અધિકારી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસરને જણાવવામાં આવે છે. અરજદાર આકારણીના એપેલેટ બાબતેના અપીલની પૂરક વિગતોમાં મુળ અરજીથી અલાયદા ઉપસ્થિત કરેલ પ્રશ્નો અંગે સક્ષમ સત્તાને રજૂઆત કરવા સ્વતંત્ર છે.

અરજીની તબદીલી સમયે પ્રથમ તબકકે જ યોગ્ય કાળજી લઈ ચોકસાઈપૂર્વક તબદીલી કરવા તકેદારી રાખવા પણ તમામ જાહેર માહિતી અધિકારીને સૂચિત કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઈ.ચા.ડે.કમિશ્નર અને આસી.કમિશર અને જાહેર માહિતી અધિકારી (મ.કચેરી), ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (ઈન્કવાયરી), વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડો.બાબુભાઈ એમ. શાહ,